ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં
અને વિકાસ નિગમની હંગામી જગ્યાઓ
ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક- **SJED/RON/e-file/17/2023/1133/CHH-1 Section**
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૩/૨૦૨૩.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ.૧, તા.૧૭/૦૫/૨૦૧૭નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ.૧, તા.૧૨/૦૫/૨૦૨૦નો ઠરાવ.

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ.૧, તા.૨૬/૦૨/૨૦૨૧નો ઠરાવ.

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ.૧, તા.૦૭/૦૨/૨૦૨૨નો ઠરાવ.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરનો તા.૦૬/૦૨/૨૦૨૩નો પત્ર નં.DSD/0683/01/2023.

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૭/૦૫/૨૦૧૭ ના ઠરાવથી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની રચના કરવા બાબતેના મહેકમ માટેની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૧૨/૦૫/૨૦૨૦ ના ઠરાવથી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની એબેયન્સમાં ગયેલ ૦૪ (ચાર) જગાઓને એબેયન્સમાંથી મુક્ત કરી, પુન:જીવિત કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના વિભાગના તા.૨૬/૦૨/૨૦૨૧ ના ઠરાવથી સદરહું ૦૪ (ચાર) જગાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૧ થી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના વિભાગના તા. ૦૭/૦૨/૨૦૨૨ ના ઠરાવથી સદરહું ૦૪ (ચાર) જગાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૨ થી તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. આ ૦૪ હંગામી જગાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૩ થી તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવા બાબતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના તા.૦૬/૦૨/૨૦૨૩ના વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના તા.૦૬/૦૨/૨૦૨૩ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમની નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની ક્રમ નં.૧ થી ૪ની કુલ-૪(ચાર) હંગામી જગાઓને તા.૦૧/૦૩/૨૦૨૩ થી તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવા નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | સખ્યા | પગારધોરણ |
|---|---|---|---|---|
| ૧ | મેનેજીંગ ડીરેકટર | ૧ | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦<br>ગ્રેડ પે-૭૬૦૦ |
| ૨ | સમાજ સુરક્ષા અધિકારી | ૨ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦<br>ગ્રેડ પે ૪૬૦૦ |
| ૩ | હિસાબી અધિકારી | ૨ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦<br>ગ્રેડ પે ૪૬૦૦ |
| ૪ | સિનીયર કલાર્ક | ૩ | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦<br>ગ્રેડ પે-૨૪૦૦ |

શરતો:-

- એક વર્ષ કરતા વધુ સમયથી પરંતુ ત્રણ વર્ષ કરતા ઓછા સમયથી ખાલી હોય તેવી જગ્યાઓને એબેયન્સમાં મુકવાની રહેશે.
- એબેયન્સમાં મૂકવામાં આવેલ જગ્યાને ભરતા પહેલા નાણા વિભાગ(કરકસર પ્રભાગ)નો પરામર્શ કરી એબેયન્સમુકત કરાવી લેવાની રહેશે.
- ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ખાલી હોય તેવી જગ્યાને રદ કરવાની રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ.૧, તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવની અન્ય શરતો/વિગતો યથાવત રહેશે.

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ પર નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.)ની તા.૨૮/૦૩/૨૦૨૩ તથા અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૨૮/૦૩/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પ્રમેશ ગામેતી )

સેક્શન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ. સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમની કચેરી, ૬ઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.